પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૦૮ | ૨૦ જાન્યુઆરી, ૨૦૨૨, ગુરૂવાર; પોષ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# સંક્રમણની સુનામી : રાજ્યમાં વિક્રમી ૨૦,૯૬૬ કેસ

## રાજ્યમાં કોરોનાથી ૧૨ના મૃત્યુ : એક્ટિવ કેસ ૯૦૭૨૬ જેમાં ૧૨૫ દર્દી વેન્ટીલેટર ઉપર

ગાંધીનગર, તા.૧૯

રાજ્યમાં કોરોનાનો મહા વિસ્ફોટ થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૨૦ હજાર ૯૬૬ નવા કેસ સામે આવ્યા છે. ગુજરાતમાં કોરોના સંક્રમણ સામે આવ્યા બાદ આ એક દિવસમાં સૌથી વધુ કેસ સામે આવ્યા છે. મંગળવારે પણ ૧૭ હજારથી વધુ કેસ સામે આવ્યા છે. પરંતુ આજે તેનો પણ રેકોર્ડ તૂટી ગયો છે. રાજ્યમાં કોરોનાને લીધે ૧૨ લોકોના મૃત્યુ થયા છે.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં તમામ ૩૩ જિલ્લામાં કેસ સામે આવ્યા છે. અમદાવાદ શહેરમાં જ ૮૩૯૧ કેસ સામે આવ્યા છે. તો સુરત શહેરમાં ૩૩૧૮, વડોદરા શહેરમાં ૧૯૯૮, રાજકોટ શહેરમાં ૧૨૫૯, સુરત ગ્રામ્યમાં ૬૫૬, ભાવનગર શહેરમાં ૫૨૬, ગાંધીનગર શહેરમાં ૪૪૬, વલસાડમાં ૩૮૭, નવસારીમાં ૨૭૮, મોરબીમાં ૨૬૫ કેસ સામે આવ્યા છે. ગુજરાતમાં ત્રીજી લહેરની શરૂઆત થઈ ગઈ છે અને મૃત્યુ આંક વધી રહ્યો છે.

આજે અમદાવાદ શહેરમાં ૬ લોકોના મૃત્યુ થયા છે. જ્યારે સુરતમાં ૧, વલસાડમાં ૨, ભરૂચમાં ૧, સાબરકાંઠામાં બે લોકોના મૃત્યુ થયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૮૨૮ લોકો સાજા થયા છે. ગુજરાતમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૯૦૭૨૬ થઈ ગઈ છે. જેમાં ૧૨૫ દર્દી વેન્ટીલેટર પર છે. તો કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી રાજ્યમાં ૮૭૬૧૬૬ લોકો સાજા થઈ ચુક્યા છે. જ્યારે કોરોનાને લીધે ૧૦૧૮૬ લોકોના મૃત્યુ થયા છે. રાજ્યનો રિકવરી રેટ ઘટીને ૮૯.૬૭ ટકા થઈ ગયો છે.

## સુપ્રીમ કોર્ટના ૧૦ જજ અને ૪૦૦થી વધુ કર્મી સંક્રમિત

નવી દિલ્હી, તા.૧૯

દેશમાં વધી રહેલા કોરોના સંક્રમણ વચ્ચે સુપ્રીમ કોર્ટમાં પણ કોરોનાએ કહેર વર્તાવ્યો છે.

સુપ્રીમ કોર્ટના ૧૦ જજ અને ૪૦૦ થી વધારે કર્મચારીઓ કોરોના પોઝિટિવ થયા છે.જેના કારણે આજે સુપ્રીમ કોર્ટની ત્રણ કોર્ટ આજે સુનાવણી નહીં કરે.

સુપ્રીમ કોર્ટના ૩૨ ન્યાયાધીશો પૈકી ૧૦ અને ૩૦૦૦ કર્મચારીઓ પૈકી ૪૦૦ સંક્રમિત થયા છે.કોર્ટે ૨ જાન્યુઆરીથી જ વધી રહેલા કોરોના કેસને ધ્યાનમાં રાખીને ઓનલાઈન સુનાવણી કરવાનુ નક્કી કર્યુ હતુ.

બીજી તરફ ભારતમાં કોરોનાના કેસ રોકેટ ગતિએ વધી રહ્યા છે.છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં ૨.૮૨ લાખ કોરોના કેસ સામે આવી ચુકયા છે અને મરનારાઓની સંખ્યા વધીને ૪.૮૭ લાખને પાર કરી ગઈ છે.

## દેશમાં કોરોનાના ૨,૮૨,૯૭૦ નવા કેસ : પોઝીટીવિટી રેટ ૧૫.૧૩ ટકા

### દેશમાં કુલ એક્ટિવ કેસ ૧૮,૩૧,૦૦૦ : ઓમિક્રોનના કુલ ૮૯૬૧ કેસ

નવી દિલ્હી,તા.૧૯

ભારતમાં જાન્યુઆરીની શરૂઆતથી કોરોનાના કેસ તીવ્ર ગતિએ વધી રહ્યા છે. દેશમાં કોરોનાના નવા કેસ સૌથી વધુ મહારાષ્ટ્રમાં સામે આવી રહ્યા છે. થોડા થોડા દિવસથી રોજના બે લાખથી વધારે કેસ નોંધાઈ રહ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૨,૮૨,૯૭૦ નવા કેસ નોંધાયા છે અને ૪૪૧ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧,૮૮,૧૫૭ સંક્રમિતો સાજા થયા છે. દેશમાં ગઈકાલ કરતાં આજે ૪૪,૮૮૯ કેસ વધારે નોંધાયા છે. દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૧૮,૩૧,૦૦૦ પર પહોંચી છે. દૈનિક પોઝિટિવિટી રેટ ૧૫.૧૩ ટકા છે. ઓમિક્રોનના કુલ કેસ ૮૯૬૧ થયા છે. ગુજરાતમાં કોરોના વાયરસ દિવસેને દિવસે



વધુ રૌદ્ર સ્વરૂપ દેખાડી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાનો મહાવિસ્ફોટ થતાં રેકોર્ડ ૧૭૧૧૯ નવા કેસ નોંધાયા છે. ગુજરાતમાં માર્ચ ૨૦૨૦માં કોરોનાએ પગપેસારો કર્યો ત્યારબાદ રાજ્યમાં એક જ દિવસમાં નોંધાયેલા કોરોનાના આ સૌથી વધુ કેસ છે. આ સ્થિતિએ રાજ્યમાં પ્રતિ મિનિટે ૧૨ વ્યક્તિ કોરોના સંક્રમણમાં સપડાઈ રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ વ્યક્તિના કોરોનાથી મૃત્યુ થયા છે. ગત વર્ષે ૯ જૂન બાદ રાજ્યમાં નોંધાયેલો સૌથી વધુ દૈનિક મરણાંક છે. જાન્યુઆરી માસના ૧૮ દિવસમાં જ રાજ્યમાં કુલ ૧,૨૪,૩૬૨ કેસ નોંધાઈ ચૂક્યા છે અને ૫૬ વ્યક્તિના મૃત્યુ થયા છે. એક્ટિવ કેસનો આંક ૭૯૬૦૦ છે જ્યારે ૧૧૩ દર્દી વેન્ટિલેટર પર છે. ભારતીય વિજ્ઞાન સંસ્થાન અને Indian Statistical Instituteના રિસર્ચર્સે હાલના અનુમાનોમાં દાવો કર્યો છે કે દેશમાં જાન્યુઆરીના અંતમાં અથવા તો ફેબ્રુઆરીના શરૂઆતમાં એક દિવસમાં ૧૦ લાખથી વધુ કોવિડ કેસ જોવા મળી શકે છે. તે સમયે ત્રીજી લહેર તેના

● અનુસંધાન પાન-૭ પર

## ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝાની ટેનિસમાંથી નિવૃત્તીની જાહેરાત

### ઓસ્ટ્રેલિયન ઓપનમાં સાનિયાની હાર : મને લાગે છે કે, હું સારુ રમી શકું છું પણ હવે શરીર પહેલાંની જેમ સાથ નથી આપતું : સાનિયા મિર્ઝા

નવી દિલ્હી, તા.૧૯

ભારતીય ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝાએ ટેનિસમાંથી સન્યાસ લેવાની જાહેરાત કરી છે. ઓસ્ટ્રેલિયન ઓપન રમવા માટે પહોંચેલી સાનિયા મિર્ઝાનુ કહેવુ છે કે, આ મારી આખરી સિઝન છે.આમ ૨૦૨૨માં સાનિયા મિર્ઝા છેલ્લી વખત ટેનિસ રમતી દેખાશે.



ઓસ્ટ્રેલિયન ઓપનમાં સાનિયાને આજે હારનો સામનો કરવો પડ્યો હતો.એ પછી તેણે કહ્યુ હતુ કે, આ મારી આખરી સિઝન હશે.હું આગળ રમવા માટે તૈયારી તો કરી રહી છું પણ નક્કી નથી કે, ૨૦૨૨ની સિઝન પણ હું પુરી રમીશ કે નહીં...કારણકે મને લાગે છે કે, હું સારુ રમી શકુ છુ પણ હવે શરીર પહેલાની જેમ સાથ નથી આપતું.

ભારતીય ટેનિસ માટે આ ઝાટકો હશે.સાનિયા ૨૦૦૩ થી ઈન્ટરનેશનલ ટેનિસ ભારત માટે રમી રહી છે અને બે દાયકા બાદ તે ટેનિસ કોર્ટ પરથી વિદાય લેશે.

સાનિયા મિર્ઝાએ ડબલ્સમાં યુક્રેનની પાર્ટનર સાથે કોર્ટ પર ઉતરી હતી પણ પહેલા રાઉન્ડમાં આ જોડી હારી ગઈ હતી.હવે સાનિયા અને રોહન બોપન્ના ભારત વતી મિક્સ ડબલ્સમાં ઉતરશે.

## બિપિન રાવતના નાનાભાઈ વિજય રાવત ભાજપમાં સામેલ થશે

નવી દિલ્હી, તા.૧૯

દિવંગત સીડીએસ જનરલ બિપિન રાવતના નાના ભાઈ કર્નલ વિજય રાવત ભાજપમાં સામેલ થઈ શકે છે. તેમણે ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી સાથે દિલ્હીમાં મુલાકાત પણ કરી છે. સૂત્રો અનુસાર કેટલાક દિવસમાં દહેરાદૂનમાં સત્તાકીય રીતે તેઓ ભાજપમાં સામેલ થશે. ઉત્તરાખંડમાં આગામી મહિને ૧૪ ફેબ્રુઆરીએ વિધાનસભા ચૂંટણી માટે મતદાન થવાનું છે. ૧૦ માર્ચે ચૂંટણીના પરિણામ આવશે.

વિજય રાવતે કહ્યુ પણ કે હુ ભાજપ માટે કામ કરવા ઈચ્છું છું. તેમણે કહ્યુ કે અમારા પરિવારની વિચારધારા ભાજપ સાથે મળે છે. જો ભાજપ કહેશે તો ચૂંટણી પણ લડીશ.

## બેંગલુરુના આકાશમાં બે વિમાન ટકરાતાં રહી ગયા : યાત્રી બચ્યા

### રડાર કંટ્રોલરે ગંભીર ભૂલ પકડી પાડી : રડાર કંટ્રોલરના ધ્યાનમાં ગંભીર ચૂક સામે આવતાં તેણે બંને ફ્લાઈટના પાયલટોને આ અંગે જાણકારી આપતા પાયલટ્સે જુદા જુદા વળાંક લીધા

બેંગલુરુ, તા.૧૯

૭ જાન્યુઆરીના રોજ બેંગલુરુના આકાશમાં બે પ્લેન વચ્ચો ટક્કર થતાં માંડ-માંડ રહી ગઈ હતી. બેંગલુરુના કેમ્પેગૌડા એરપોર્ટ પરથી ઉડાન ભર્યા બાદ ઈન્ડિગોના બે પ્લેન હવામાં એક જ દિશામાં પાસે-પાસે ઉડી રહ્યા હતા. જો કે રડાર કંટ્રોલર દ્વારા આ ગંભીર ભૂલને પકડી પાડવામાં આવી હતી. અને તેને કારણે બંને ફલાઈટમાં સવાર અનેક મુસાફરોના જીવ બચી ગયા હતા.

રડાર કંટ્રોલરના ધ્યાનમાં ગંભીર ચૂક સામે આવતાં તેણે બંને ફલાઈટના પાયલટોને આ અંગે જાણકારી આપી હતી. જે બાદ ટક્કર ટાળવા માટે એક પાયલટ દ્વારા તરત જ ડાબી બાજુ તો અન્ય પાયલટ દ્વારા જમણી બાજુ વળાંક લઈ લેવામાં આવ્યો હતો. જો કે, આ ગંભીર ભૂલને દબાવવા અને સજાથી બચવા માટે કેમ્પેગૌડા એરપોર્ટના અધિકારીઓએ તેની જાણ ડીજીસીએને કરી ન હતી. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન ચીફ અરુણ કુમારે આ ભૂલની ગંભીર નોંધ લીધી છે. આ મામલે તેઓએ તપાસના આદેશ પણ આપી દીધા છે.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથેની વાતચીતમાં અરુણ કુમારે કહ્યું હતું કે, આ મામલે જે પણ કોઈ જવાબદાર હશે તેની સામે ગંભીર કાર્યવાહી કરવામાં આવશે. બેંગલુરુ એરપોર્ટ પરની બે એરસ્ટ્રીપ વચ્ચેનું અંતર એકસાથે બે પ્લેનોના ટેકઓફ કે લેન્ડિંગ કરાવવા માટે પૂરતું નથી. અને સુરક્ષાના કારણોસર ફલાઈટની અવરજવર દરમિયાન ચોક્કસ સમયનો તફાવત રાખવામાં આવે છે.

## ગંડક નદીમાં નાવ પલટતાં ૨૪ ડૂબ્યાની શંકા

પટના, તા.૧૯

બિહારમાં ગોપાલગંજ જિલ્લામાં સર્જાયેલી એક મોટી દુર્ઘટનામાં આ વિસ્તારની ગંડક નદીમાં એક નાવ પલટી ખાઈ ગઈ છે.

જેમાં ૨૪ ખેડૂતો પાણીમાં ડૂબી ગયા હોવાની આશંકા છે.ગોપાલગંજ જિલ્લામાં નદી પાર કરીને ખેતી કરવા માટે આ ખેડૂતો જઈ રહ્યા હતા.નદીની વચ્ચે જ નાવ પલ્ટી ખાઈ જતા તેઓ ડૂબી ગયા હોવાની આશકા છે.દરમિયાન નાવ પરના એક વ્યક્તિ પાણીમાં કુદી પડ્યો હતો.તે તરીને કિનારે પહોંચ્યો હતો અને જીવ બચાવ્યો હતો. એવુ કહેવાય છે કે, બોટ પર એક ટ્રેક્ટર પર હતુ.નદીના પ્રવાહમાં બોટ વધારે પડતુ વજન સહન કરી શકી નહોતી અને પલટી ખાઈ ગઈ હતી. દરમિયાન બે મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા છે. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ભારે શોકનો માહોલ છે.

## બિહારમાં દારૂબંધી હળવી કરવાની વિચારણા

નવી દિલ્હી, તા.૧૯

બિહાર સરકારે ગુજરાતની જેમ દારુબંધી લાગુ તો કરી છે પણ ગુજરાતની જેમ જ બિહારમાં પણ તેના ધજાગરા ઉડી રહ્યા છે. તાજેતરમાં બિહારના સીએમ નિતિશ કુમારના મત વિસ્તાર નાલંદામાં જ લઠ્ઠાકાંડ સર્જાયો હતો અને તેના પગલે નિતિશ સરકારની આબરુના ફરી ધજાગરા થયા હતા.

હવે નિતિશ કુમાર સરકારે દારુબંધીના કાયદા હળવા કરવા માટે વિચારણા શરુ કરી છે.સૂત્રોના કહેવા પ્રમાણે બિહાર સરકાર વિધાનસભામાં બજેટ સત્ર દરમિયાન એક પ્રસ્તાવ રજૂ કરવા માંગે છે.જેમાં દારુ પીતા પકડાયેલા લોકોને સ્થળ પર જ દંડ વસૂલીને છોડી દેવાની જોગવાઈ છે.જોકે એકથી વધારે વખત પકડાયેલાને તેનો લાભ નહીં મળે. જેડીયુના સૂત્રોનુ કહેવુ છે કે, દારુની હેરફેર માટે પકડાતી ગાડીઓને પણ દંડ ભરીને છોડી દેવાનુ વિચારવામાં આવી રહ્યુ છે.નાલંદા કાંડ બાદ સરકારની થઈ રહેલી ટીકા વચ્ચે વિરોધ પક્ષના એક નેતાનુ કહેવુ છે કે, નીતિશ કુમારે દારુબંધી પર એક સર્વે કરવાની જરુર છે. જો બિહારના લોકો દારુબંધી પાછી ખેંચવાના સમર્થનમાં હોય તો તેનુ પાલન થવુ જોઈએ.

## ગોવામાં સીએમના આપના ઉમેદવાર અમિત પાલેકર

પણજી, તા.૧૯

આમ આદમી પાર્ટીએ ગોવામાં સીએમના ઉમેદવાર તરીકે અમિત પાલેકરના નામની જાહેરાત કરી છે. અમિત પાલેકર ગોવાના જાણીતા વકીલ છે અને લાંબા સમયથી તેઓ સામાજીક કામો કરી રહ્યા છે.તેમને સીએમ પદના ઉમેદવાર જાહેર કરવા પાછળ આમ આદમી પાર્ટીએ જાતિવાદનુ ગણિત પણ લગાવ્યુ છે.

પાલેકર ભંડારી સમાજમાંથી આવે છે અને ગોવામાં ભંડારી સમાજના લોકોનુ પ્રમાણ ૩૫ ટકા છે. તેમણે ગોવાના હેરિટેજ ઝોનમાં બની રહેલા ગેરકાયદે બંગલા સામે આંદોલન કરીને પાંચ દિવસની ભૂખ હડતાળ પર કરી હતી.

પાલેકરે સીએમ પદના ઉમેદવાર તરીકે પોતાના નામની જાહેરાત બાદ કહ્યુ હતુ કે, ગોવામાં ભ્રષ્ટાચાર મુકત સરકારની હું ગેરંટી આપી રહ્યો છું.આપણને ગોવાનુ સન્માન પાછુ મળશે અને મારો દરેક શબ્દ મારી ગેરંટી છે.







**Career Opportunity**

A Consulting company at Gandhinagar requires dynamic & qualified "Finance Manager". The manager will lead the finance team, responsible for company accounts, budgeting, business planning, financial projection, taxation, auditing and corporate affairs. Manager must have excellent communication and interpersonal skills and should be ready to work in a challenging environment.

**Position: FINANCE MANAGER**

**Qualification Required:**

M.Com, MBA Finance, (The candidate having at Chartered Accountants Firm will be preferred) Excellent knowledge of MS Office, Tally, manpower & payroll industry.

**Experience:**

03 - 05 years of working experience as a Head of Accounts & Finance Department

**Salary Package:**

Depending on qualification and experience

**Office: Sargasan Gandhinagar**

Email: mybcg@bcggroups.com

before 31st Jan 2022.



**૨૨મી પૂણ્યતિથિએ ભાવભીની સ્મરણાંજલિ**



જન્મ તારીખ ૦૧/૦૩/૧૯૪૧

સ્વ. તારીખ ૨૧/૦૧/૨૦૦૦

**સદ્‌ગત શેઠ શ્રી જીવણલાલ માધાભાઈ ચૌધરી (પામોલ)**

કન્યા કેળવણીના કર્ણધાર એવા શ્રી જે. એમ. ચૌધરી સાર્વ. કન્યાણ વિદ્યાલયના સ્થાપક, મુખ્ય દાતા તેમજ શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરના આદ્યસ્થાપક અને પૂર્વ પ્રમુખ

આત્માને શસ્ત્રો છેદી શકતા નથી અને અગ્નિ બાળી શકતી નથી, તેમજ પાણી એને ભીંજવતું નથી અને વાયુ સુકવી શકતો નથી. જેનો જન્મ છે તેનું મરણ નિશ્ચિત છે, તેમજ જેનું મરણ તેનો જન્મ તેટલો જ નિશ્ચિત છે, એટલે અપરિહાર્ય વસ્તુને માટે શોક કરવો તે યોગ્ય નથી.

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર
માતૃશ્રી જોઈતીબા કોલેજ કેમ્પસની વિવિધ સંસ્થાઓ
શેઠશ્રી જે. એમ. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર
શ્રી જે. એમ. ચૌધરી વિદ્યા સંકુલની વિવિધ સંસ્થાઓ

નોંધ : સ્વ. શેઠ શ્રી જીવણભાઈ માધાભાઈ ચૌધરીની પુણ્યતિથિ નિમિત્તે ભજનનો કાર્યક્રમ તા. ૨૦/૧/૨૦૨૨ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે શ્રી જે. એમ. ચૌધરી વિદ્યા સંકુલ, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે યોજેલ છે.